# પાટનગર બન્યું પાર્કિંગનગર..!!!

## કાયમી એક્ઝિબીશન સેન્ટર હોવાથી પ્રદર્શનો તો યોજાતા રહેશે, તો પાટનગરવાસીઓએ આમ જ હેરાન થતા રહેવાનું ?? પાર્કિંગ વ્યવસ્થા અપૂરતી કે આયોજન વિહીન ??

અત્યાર સુધી રાજ્યના પાટનગર ગાંધીનગરની ઓળખ પહોળા રાજમાર્ગો પર હળવા ટ્રાફિક સાથે હતી પરંતુ જ્યારથી શહેરમાં મહાત્મા મંદિર અને સે. ૧૭ ખાતેનું એક્ઝિબીશન સેન્ટર વિકાસ પામ્યું છે ત્યારથી પરિસ્થિતિ વણસવા પામી છે. પાટનગરમાં રહેણાંક વિસ્તારની મધ્યમાં જ બનેલા પ્રદર્શન કેન્દ્રની પાર્કિંગ સુવિધા છુટી છવાયી અને સેન્ટરથી દૂર હોવાને કારણે અહીં યોજાતા આંતરરાષ્ટ્રીય કક્ષાના એક્ઝિબીશન્સ અને એક્સ્પો વગેરે દરમ્યાન ભારે અવ્યવસ્થા સર્જાય છે. કરોડોના ખર્ચે બનેલા એક્ઝિબીશન સેન્ટર પર આ પ્રકારના પ્રદર્શનોનો હવે કાયમી ધોરણે યોજાતા જ રહેશે તો શુ પાટનગરવાસીઓએ આ રીતે જ પરેશાનીનો ભોગ બનતા રહેવાનું? આ સમસ્યાનો હલ શું? આ અંગે શહેરના વિવિધ ક્ષેત્રના નાગરિકો પાસેથી ''ગાંધીનગર સમાચારે' તેમનો મત જાણવા પ્રયાસ કર્યો છે.

''જ્યાં એક્ઝિબીશન છે ત્યાં પુરતી પાર્કિંગ સુવિધા નથી જેથી વાહનચાલકો રસ્તા પર જ પાર્કિંગ કરે છે. વળી, આ વિસ્તારમાં ખાણી-પીણીની ચીજવસ્તુઓ વેચવાવાળાનું દબાણ પણ વધી જાય છે તેથી સમસ્યા વધુ ઘેરી બને છે. એક્ઝિબીશન સેન્ટર માટે તેની નજીક જ પુરતા પ્રમાણમાં પાર્કિંગ વ્યવસ્થા સત્વરે વિકસાવવી જોઈએ.''

**- વિશાખા રાજપૂત**

●●●

''પાર્કિંગની સમસ્યા એટલી મોટી નથી. જો તેને યોગ્ય રીતે સંભાળવામાં આવે તો એક્ઝિબીશન સેન્ટરમાં સતત કાર્યક્રમો યોજાતા જ રહેવાના એટલે અહીં એવું પાર્કિંગ વિકસાવવુ જોઈએ જે તેની નજીક જ હોય જેથી તેમાં ભાગ લેનાર પ્રદર્શનકર્તા, મુલાકાતીઓ કે પાટનગરના નાગરિકોને તકલીફ ના પડે. આ માટે મારા મતે મલ્ટીલેવલ પાર્કિંગ જ શ્રેષ્ઠ ઉપાય જણાય છે.''

**- ભાર્ગવ આહિર**

●●●

''અહીં આંતરરાષ્ટ્રીય કક્ષાની ઈવેન્ટ્સ આયોજિત થાય છે, વળી, સચિવાલય અને ઉદ્યોગભવન જેવી સરકારી ઈમારતો પણ નજીકમાં જ છે તેથી ઈવેન્ટ્સ દરમ્યાન પાર્કિંગ સમસ્યા વકરે છે. એક્ઝિબીશન સેન્ટરની આસપાસની ખાલી પડેલ જમીનમાં તેની યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. ઈવેન્ટ્સ દરમ્યાન શહેરીજનો માટે અન્ય વૈકલ્પિક માર્ગોનો ડાયવર્ઝન આપી સમસ્યા હળવી કરી શકાય.''

**- કમલેશ સિસોદિયા**

●●●

''વારંવાર સર્જાતા આ સમસ્યા માટે શહેરમાં અંડરબ્રીજ અથવા ઓવરબ્રીજ બનાવવા જોઈએ. મ્યુનિસિપલ કોર્પોરેશન પાર્કિંગ માટે ભાડા પટ્ટે જગ્યા આપીને પણ વ્યવસ્થા પુરી પાડવા સાથે આવક રળી શકે. આ ઉપરાંત મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલની વ્યવસ્થા તેમજ ઈલેક્ટ્રીકલ સાયકલ કે નાના વાહનોની વૈકલ્પિક સુવિધા પુરી પાડવી જોઈએ.''

**- મહેન્દ્ર સોનારા**

●●●

''એક્ઝિબીશન છુટવાના સમયે સૌથી ટ્રાફિક સમસ્યા સર્જાય છે ત્યારે ટ્રાફિક નિયમન કર્મીઓની સંખ્યા અપુરતી હોય છે તેને વધારવી જોઈએ. વળી આ સમયે મુખ્ય માર્ગ પર ઓટોરીક્ષા કે ટેક્ષીનો જમાવડો પણ ખૂબ હોય છે તેને દૂર જગ્યા ફાળવવી જોઈએ. જોકે એક્ઝિબીશન સેન્ટરની નજીકમાં પુરતી પાર્કિંગ વ્યવસ્થા વિકસાવવી જરૂરી છે, ભલે પછી એક-બે ડૉમ ઓછા કરવા પડે તો તે કરી દેવા જોઈએ.''

**- માનુષ પટેલ**

●●●

''જે રીતે સરકાર વિકાસની વાત કરે છે તે જોતા આવા પ્રકારના એક્ઝીબીશન આવકાર્ય છે. પરંતુ તે મુજબનું પ્લાનીંગ કરવામાં સરકાર નિષ્ફળ જઈ રહી છે. સરકારી તંત્રએ એક્ઝીબીશનની સાથે આમ જનતાનું પણ ધ્યાન રાખવું જોઈએ. આ પ્રકારના એક્સ્પોથી સામાન્ય પ્રજાને ખુબજ હાલાકી વેઠવી પડે છે.''

**- પ્રતિક મહેતા, સે. ૧૬**

●●●

''સરકાર દ્વારા છાશવારે આવા મોટા એક્ઝીબીશન યોજાય છે. ત્યારે સેક્ટર-૧૬ પાર્કિંગ પ્લેસમાં ફેરવાઈ જાય છે. ઘર આગળ ગાડીઓનો ખડકલો થતાં ઘરની બહાર નીકળવું પણ અમારા માટે મુશ્કેલરૂપ બને છે. પાર્કિંગની સમસ્યાનો કાયમી હલ કરવો અત્યંત જરૂરી છે.''

**- કલ્પનાબેન - ગૃહિણી, સે. ૧૬**

●●●

''ઘર આગળ ગાડીઓનો ખડકલો સર્જાતા ભારે હાલાકી ભોગવવી પડે છે. વિવિધ એક્સ્પો હોય ત્યારે અમારે ઘરે ૨ કિલોમીટર દૂર ફરીને આવવુ પડે છે. અમારે ઘરમાં પુરાઈ રહેવાનો વારો આવે છે. ત્યારે સરકારી તંત્રએ આવડા મોટા બાંધકામ પહેલા પાર્કિંગની પણ વ્યવસ્થા કરવાની જરૂર હતી.''

**- ધ્રુવ બ્રહ્મભટ્ટ, વિદ્યાર્થી - સે. ૧૭, છ-ટાઈપ**

●●●

''સેક્ટર-૧૭ ખાતે આ પ્રકારના વિવિધ એક્સ્પો યોજાય છે. જેમાં ખાણી-પીણીના સ્ટોલ પણ આવેલા હોય છે. જ્યારે બહાર પણ અસંખ્ય લારી-ગલ્લા ધારકો ઉભા રહેતા હોવાથી ગંદકીનું પ્રમાણ વધે છે. એક તરફ ટ્રાફિક, પાર્કિંગ અને ગંદકીની સમસ્યાથી સેક્ટરના રહીશો ત્રાહીમામ પોકારી જાય છે. ત્યારે તંત્રએ હેલીપેડ ખાતે યોજાતા આવા મોટા કાર્યક્રમને પગલે પાર્કિંગનો કાયમી ઉકેલ લાવવો જરૂરી છે.''

**- રજુજી ગોલ, સે. ૧૭, વસાહતમંડળ, પ્રમુખ**

●●●

''રાજ્ય સરકાર દર વખતે પોતાનું માર્કેટીંગ કરવામાં સામાન્ય પ્રજા વિશે કંઈ પણ વિચાર્યા વીના અણધડ આયોજન કરે છે. અને પોતાની નિષ્ફળતા પ્રગટ કરે છે. આ પ્રકારના આયોજનથી ટ્રાફિકથી સમયનો બગાડ થાય છે. તેમજ હવા અને અવાજનું પ્રદૂષણ પણ આવા કાર્યક્રમોને પગલે વધતુ હોય છે. ત્યારે તંત્રએ કાયમી ધોરણે ટ્રાફિક, પાર્કિંગ સહિતની સમસ્યાનો ઉકેલ લાવવો અનિવાર્ય છે.''

**- મીનાબેન - ગૃહિણી, સે. ૧૬**

●●●

''શહેરના સેક્ટર-૧૬ અને ૧૭ વિસ્તારમાં આવેલા જુના સરકારી ક્વાર્ટરસને તોડીને ત્યાં પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાય અને ત્યાં મલ્ટી લેવલ પાર્કિંગ બને તો આ સમસ્યાનું કાયમી નિરાકરણ આવી શકે તેમ છે. સે. ૧૭ અને સે. ૧૬ના જુના સરકારી ક્વાટ્ર્સ તોડીને કોઈ અન્ય સેક્ટરમાં સરકારી ફ્લેટ તૈયાર કરી શકાય.''

**- અશોકભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય, ગાંધીનગર ઉત્તર**

●●●

''ટ્રાફિક નિયમન અંગેની પબ્લીક અવેરનેશ ખુબ જ જરૂરી છે. પ્લાસ્ટ ઈન્ડિયા દ્વારા પાર્કિંગની વ્યવસ્થા સહિત પાર્કિંગ પ્લેસથી પ્લાસ્ટ ઈન્ડિયા સ્થળે મુલાકાતીઓને લાવવા-લઈ જવા ફેરી સર્વિસ સેવા પણ પુરી પાડવામાં આવી રહી છે. તેમ છતાં ગમે ત્યાં આડેધડ વાહનો પાર્કિંગ કરીને અન્યને અડચણ થાય તેવી રીતે વાહનો પાર્ક કરવા એ બાબત ટ્રાફીક સેન્સના અભાવની ચાડી ખાય છે. ટ્રાફિક નિયમન અને તેમાં પણ ખાસ પાર્કિંગની બાબત સ્વયં શિસ્તથી નિવારી શકાય તેમ છે.''

**- નિરજ પટેલ, પોલીસ ઈન્સ્પેક્ટર, સે. ૨૧, પોલીસ સ્ટેશન**

●●●

''પાટનગરમાં નિર્માણ પામેલા મહાત્મા મંદિર અને સે. ૧૭ સ્થિત એક્ઝીબીશન સેન્ટર ખાતે અવાર-નવાર મોટા-મોટા એક્સ્પો-પ્રદર્શનો યોજાય છે. ભવિષ્યમાં પણ આવા મોટા કાર્યક્રમો યોજાશે તેનું ધ્યાન રાખીને પાર્કિંગની જટીલ બની રહેલી સમસ્યા નિવારવા કોઈ યોગ્ય પગલા ભરાય તે જરૂરી છે. મારા મત મુજબ મલ્ટી લેવલ પાર્કિંગ જો આ સેક્ટરની નજીક તૈયાર થાય તો કદાચ આ સમસ્યાનો અંત આવી શકે તેમ છે. એક સાથે હજારો વાહનોને મલ્ટી લેવલ પાર્કિંગમાં પાર્ક કરી શકાય છે અને તે માટે જગ્યા પણ ઓછી વપરાય તેમ છે. પીપીપી પ્રોજેક્ટ દ્વારા પાટનગરમાં મલ્ટી લેવલ પાર્કિંગ બને તો પણ આવા કાર્યક્રમો દરમ્યાન ટ્રાફિકની સર્જાતી સમસ્યાનો ઉકેલ આવી શકે. તે ઉપરાંત પ્લાસ્ટ ઈન્ડિયામાં ટ્રાફિકની સર્જાયેલી સમસ્યાને પગલે આયોજકો સાથે બેઠક કરી જરૂરી સુચનાઓ આપવામાં આવી છે તો બીજી તરફ દિવસભર પોલીસ સ્ટાફ દ્વારા પણ સિમિત ટ્રાફિક નિયમન કરાવાઈ રહ્યું છે. આ સમસ્યા આલો-ઉબેર સહીતની ટેક્સી ગાડીઓને કારણે પણ વધુ વકરી છે. ટેક્સીના ડ્રાઈવર લોકેશન મુજબ પેસેન્જરને ડ્રોપ કરવા આવે છે. જો તેઓ પાર્કિંગમાં મુલાકાતીઓને (પેસેન્જરને) ઉતારે તો આ સમસ્યા ઘટે તેમ છે. તે માટે ટેક્સી કંપનીઓ સાથે વાતચીત કરી ડ્રાઈવરોને સલાહ-સુચના આપવા કવાયત હાથ ધરવામાં આવી છે.''

**- વિજય જે. પટેલ, એ.સી.પી., ગાંધીનગર ડીવીઝન**

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમારા રાક્ષસ સમાજની ગરિમાને લાંછન લાગ્યું છે... અમારી સ્ત્રીને રાજકારમી સાથે સરખાવી છે... અમને ન્યાય જોઈએ...

# અંતે ડેડ વોટરની ફાળવણી નર્મદાથી કરવાની બહાલી

### પીવાના પાણીનું જળ સંકટ ટળી ગયું છે : નર્મદા આધારિત પીવાનું પાણી મેળવતા ૧૦૦૦૦ ગામો પરથી સંકટ ટળ્યું

અમદાવાદ,તા. ૯

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવી દિલ્હીમાં મળેલી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની બેઠકમાં ગુજરાતને પીવાના પાણી માટે સિપેજ એન્ડ ડેડ વોટરની ફાળવણી નર્મદામાંથી કરવાની મંજુરી આપવામાં આવ્યા બાદ ખુશી વ્યક્ત કરીહતી અને સાથે સાથે આભાર પણ માન્યો હતો. વિજય રૂપાણીએ આ સંદર્ભમાં માહિતી આપતા કહ્યું હતું કે, નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી તરફથી પરવાનગી મળતા રાજ્યમાં પીવાના પાણીનું સંકટ ટળી ગયું છે. નર્મદા આધારિત પાણી મેળવતા ૧૦૦૦૦ જેટલા ગામો, ૧૬૭ નગરને આના પરિણામ સ્વરુપે ૩૧મી જુલાઈ ૨૦૧૮ સુધી પીવાના પાણીની કોઈપણ સમસ્યા રહેશે નહીં. મુખ્યમંત્રીએ ગુજરાતના હિતના આ નિર્ણય માટે સંબંધિત રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓનો પણ આભાર માન્યો હતો. વિજય રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાં પીવાના પાણીની સમસ્યા દેખાઈ રહી હતી પરંતુ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની બેઠકમાં ગુજરાતની રજૂઆત તરફ ધ્યાન અપાયું છે. ગુજરાતના ડેડ વોટરના જથ્થામાંથી પાણી મળનાર છે. નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીની મિટિંગમાં જે સંદર્ભમાં વાતચીત કરવામાં આવી તે અંગે રૂપાણીએ મોડેથી પત્રકારોને માહિતી આપી હતી. ડેડ વોટરની ફાળવણી નર્મદાથી કરવાની મંજુરી ઓથોરિટીએ આપી દીધા બાદ ગુજરાત ઉપર તોળાઈ રહેલા જળસંકટનો ઉકેલ આવ્યો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોના મુખ્યમંત્રીઓ તરફથી પણ હકારાત્મક સહકાર મળ્યો છે.

એસ પી બી પટેલ ડિપ્લોમાં એન્જિનિયરીંગ કોલેજ મહેસાણા જી ટી યુ દ્વારા વર્ષ ૨૦૧૭ માં લેવાયેલી સેમેસ્ટર -૩ ની પરીક્ષામાં ડિપ્લોમાં મિકેનિકલ અને ડિપ્લોમાં સિવિલ એન્જિનીયરીંગ બ્રાંચમાં કોલેજે પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. સંસ્થાના આચાર્ય પ્રો એમ એ પટેલ તેમજ સંચાલક મંડળે વિદ્યાર્થીઓની આ સિધ્ધિને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# રાજ્યમાં ૧૨ માર્ચથી બૉર્ડની પરીક્ષાનો પ્રારંભ

ગાંધીનગર,તા.૦૯

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ચૂક્યું છે. તા. ૧૨ માર્ચથી બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થવાનો છે ત્યારે પરીક્ષાની આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે વિદ્યાર્થીઓના માનસને નકારાત્મક અસર કરી શકે તેવા આકરા નિયમો બોર્ડ જાહેર કરી દીધા છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ગેરરીતિ આચરનાર વિદ્યાર્થીને ક્યા પ્રકારની સજા થશે તે માટે ૩૩ પ્રકારની ગેરરીતિઓનું લિસ્ટ શાળાના નોટિસ બોર્ડ પર શિક્ષણ જગતના બોર્ડના ઈતિહાસમાં પહેલી વાર લાગશે.

જેમાં કોઈ વિદ્યાર્થી વર્ગખંડમાં અન્ય કોઈ વિદ્યાર્થી સામે ઈશારો કરતાં ઝડપાશે તો તેની પરીક્ષા રદ કરવા સુધીના નિયમો સાથે બોર્ડ આંખ લાલ કરી છે.ગયા વર્ષ અનેક વિદ્યાર્થીઓ ઈલેકટ્રોનિક્સ લેટેસ્ટ ગેઝેટસ સાથે પકડાયા હતા. સ્માર્ટ ફોન ઈયર ફોન, કેલ્ક્યુલેટર વિથ કેમેરા મોબાઈલ વગેરે સાથે ગેરરીતિ કરતા પકડાયા હતા. આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને બોર્ડ મોબાઈલ કે કોઈ પણ ઈલેકટ્રોનિક્સ ચીજ સાથે પકડાયેલા વિદ્યાર્થી માટે કડક નિયમ જાહેર કર્યા છે તે મુજબ આવા વિદ્યાર્થીની તે સમયની સમગ્ર પરીક્ષા રદ કરી દેવામાં આવશે, એટલું જ નહીં ત્યાર પછીનાં બે વર્ષ માટે વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષા આપવા દેવામાં આવશે નહીં.

આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં ૧૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ રજિસ્ટર્ડ થયા છે. તાજેતરમાં શિક્ષણ બોર્ડ દ્વારા શાળાના આચાર્યો પાસેથી પરીક્ષામાં ગેરરીતિ નહીં થાય તે પ્રકારની બાંયધરી માગવામાં આવી છે. પરિણામ રદ કરીને તેને કાયમ માટે પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં ઘણા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ પરીક્ષાની જવાબવહી સાથે ચલણી નોટો જોડતા હોવાના દાખલા અવારનવાર બને છે. હવે બોર્ડ આ બાબતે લાલ આંખ કરતા જે વિદ્યાર્થીઓ આન્સરશીટમાં વિનંતી કરીને ચલણી નોટો જોડી હશે તો તે વિદ્યાર્થીની તે વર્ષની સમગ્ર પરીક્ષાનું પરિણામ રદ થવા ઉપરાંત તેને વધુ એક પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

## ગજ્જર સુથાર સમાજનો સમુહ લગ્નોત્સવ સંપન્ન

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૧૧મો સમુહ લગ્નોત્સવ પ્રમુખ ઠાકોર મિસ્ત્રીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. દિપ પ્રાગટ્ય ગીરીશભાઈ મિસ્ત્રી, નિખીલભાઈ ગજ્જર, ચંદ્રકાંત મિસ્ત્રી, દિનેશભાઈ સુથાર, બોરસદ, જયંતિભાઈ મેવાડા, ઠાકોર મિસ્ત્રી, સંજયભાઈ ગજ્જર, ધીરૂભાઈ મિસ્ત્રી અને કિરીટભાઈ મિસ્ત્રી, રમેશભાઈ મિસ્ત્રી, કન્વીનર કાંતિભાઈ મિસ્ત્રી તથા સહકન્વીનર નરસિંહભાઈ સુથાર દેશ્યમાન થાય છે. કુ. નિકિતાબેન ગજ્જરે ૧૭ નવદંપતીઓને લગ્ન, નોંધણી પ્રમાણપત્રો તથા કુંવરબાઈનું મામેરૂ, સાત ફેરા કુમકુમ પગલાની સરકારી સહાય આવી હતી. દાતાઓ તરફથી સોના-ચાંદીના દાગીના તથા ઘરવખરીની તમામ ૬૦ થી વધુ ભેટ સોગાદો આપવામાં આવી હતી. સમગ્ર ગુજરાત ભરમાંથી અંદાજીત ૪૫૦૦થી વધુ જ્ઞાતિજનો લગ્નોત્સવમાં સહભાગી થયા હતા.

# 'સ્વચ્છ ભારત' માટે કોન્સ્ટેન્ટીઆ પરીખ કંપની ૧૦૦ કરોડનું રોકાણ કરશે

ગાંધીનગર,તા.૦૯

યુરોપના બીજા નંબરના ફ્લેક્સીબલ પેકેજીંગ ગ્રુપ કોન્સ્ટેન્ટીઆ ફ્લેક્સીબલ્સની ભારતીય પેટા કંપની કોન્સ્ટેન્ટીઆ પરીખ દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે કે ભારત સરકારના 'સ્વચ્છ ભારત' મિશનને સહયોગ આપવા માટે કંપની દ્વારા નવો ગ્રીનફીલ્ડ પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. આ નવું એકમ રૂ.૧૦૦ કરોડના ખર્ચે સ્થપાશે અને તેમાં પર્યાવરણલક્ષી પેકેજીંગના ઉત્પાદન માટે અત્યંત આધુનિક મશીનરીનો ઉપયોગ કરવામાં આવશે. આ પેકેજીંગ સોલ્યુશન્સ ભારતમાં હવે પછી લાગુ પડનારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું પાલન કરશે અને વિશ્વમાં જે રીતે પેકેજીંગ થઈ રહ્યું છે તેમાં ક્રાંતિ લાવશે.પવન પરીખ-એમડી અને વીપીએ જણાવે છે કે ''આ પ્રોજેક્ટમાં સરકારની 'સ્વચ્છ ભારત' પહેલ માટે નિષ્ઠા દાખવવાનું લક્ષ રખાયું છે.''

**મહેસુલ વિભાગ**
ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકારી અધિનિયમ, ૨૦૧૬ (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : ગાંધીનગર

ક્રમાંક : અમ-૨૦૧૮-૩૮-મ-જગધ-૨૦૧૫-૯૨૩-ચ તારીખ : ૨૦/૧/૨૦૧૮

આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાંકળ ૧૬૯.૩૦૦ થી ૧૭૧.૩૦૦ કિ.મી. વચ્ચેની પ્રોજેક્ટ માટે જરૂરી પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકારી અધિનિયમ, ૨૦૧૬ (૨૦૧૩નો ૩૦મો), (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ-૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનનો ઉપરોક્ત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલની સાંકળ પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

હવે જ્યારે ઉક્ત અનુસુચિત જમીનમાં સૂચિત પ્રોજેક્ટ, સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાંકળ ૧૬૯.૩૦૦ થી ૧૭૧.૩૦૦ કિ.મી. વચ્ચેની પ્રોજેક્ટના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે, ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર ૦-૧૪-૪૦ હે.આરે.ચો.મી. તે ગાંધીનગર જિલ્લાના હદમાં આવેલ છે.

હવે જ્યારે ફક્ત માળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦-૧૪-૪૦ હે.આરે.ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હીતમાં આવશ્યક જણાય છે.

તેથી સદરહુ અધિનિયમની કલમ-૧૦ (એ) જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૬નો ૬ુજરાત અધિનિયમ-૧૨મો)ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકાર આથી જાહેર હીતમાં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ સાંકળ ૧૬૯.૩૦૦ થી ૧૭૧.૩૦૦ કિ.મી. વચ્ચેની પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ૦-૧૪-૪૦ હે.આરે.ચો.મી. જમીનને 'સદરહુ અધિનિયમ'ના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

**અનુસૂચિ**
મોજે : લોદરા, તા. માણસા, જી. ગાંધીનગર

| અ.નં. | ગામનું નામ | જુના સર્વે નંબર | સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ |
|---|---|---|---|
| ૧ | લોદરા | ૪૮૫/૧ | ૦-૧૪-૪૦ (હે.આરે.ચો.મી.) |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
ઉપસચિવ
મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર

ક્રમાંક/ના.મા.નિ/હિંમત/૬૨૮/૨૦૧૮